# શું એમ્પ્લોયરોએ અંગત સુરક્ષાનાં સાધનો - પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (પી.પી.ઈ.) પૂરાં પાડવાં જરૂરી છે? (Do employers have to provide personal protective equipment (PPE)?)

આ માટેના સંબંધિત રેગ્યુલેશનો છે, પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ એટ વર્ક રેગ્યુલેશન્સ 1992.

રેગ્યુલેશન 4 જણાવે છે કેઃ
દરેક એમ્પ્લોયરે ખાતરી કરવી જોઈએ કે તેનાં જે કામદારો ઉપર કામ કરતી વખતે આરોગ્ય કે સુરક્ષાનું જોખમ ઊભું થઈ શકે તેમ હોય તેમને યોગ્ય પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (અંગત સુરક્ષાનાં સાધનો) પૂરાં પાડવાં જોઈએ, સિવાય કે જ્યાં આવાં જોખમો ઉપર બીજાં કોઈ પગલાં લઈને યોગ્ય રીતે કાબૂ મેળવવામાં આવ્યો હોય જે એટલાં જ કે તેથી વધારે અસરકારક હોય.

તેની સાથેની માર્ગદર્શિકા જણાવે છે કેઃ
એટલા માટે, જ્યાં પણ આરોગ્ય અને સુરક્ષા પરનાં જે જોખમો ઉપર બીજાં કોઈ પગલાં લઈને યોગ્ય કાબૂ મેળવી શકાય તેમ ન હોય ત્યાં, પોતાનાં કામદારોને એમ્પ્લોયરોએ યોગ્ય પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (પી.પી.ઈ.) પૂરાં પાડવાં જોઈએ અને તેનો ઉપયોગ કરવાની તાલીમ આપવી જોઈએ.

પોતાનાં કામદારોને પી.પી.ઈ. પૂરાં પાડવા માટે એમ્પ્લોયરોએ ફક્ત સ્થળ પર સાધનો લાવીને મૂકી દેવાં કરતાં બીજું ઘણું વધારે કામ કરવું જરૂરી છે. તે સાધનો કામદારોને તરત જ મળી શકવાં જ જોઈએ, અથવા તો ઓછામાં ઓછું તેમને તે સાધનો ક્યાંથી મળી શકે તેની સ્પષ્ટ સૂચના આપવામાં આવેલી હોવી જ જોઈએ.

હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક એટસેટેરા એક્ટ 1974ની કલમ 9 ના આધારે, ફક્ત કામ પર જ વાપરવામાં આવતાં પી.પી.ઈ. માટે કામદાર પાસેથી કોઈ કિંમત લઈ શકાય નહિ. હેલ્થ એન્ડ સેફ્ટી એટ વર્ક એટસેટેરા એક્ટ 1974ની કલમ 9 કહે છેઃ ''કોઈ પણ લાગતીવળગતી કાનૂની જરૂરિયાતનું પાલન કરવા માટે પૂરી પાડવામાં કે કરવામાં આવેલી કોઈ પણ વસ્તુ માટેની કિંમત પોતાના કોઈ કામદાર પાસેથી કોઈ પણ એમ્પ્લોયર લેશે નહિ કે તેમને તે લેવા માટેની પરવાનગી આપવામાં આવશે નહિ.'' કલમ 9 આ રેગ્યુલેશનોને લાગુ પડે છે, કારણ કે તે 'નિશ્ચિત જરૂરિયાત' લાગુ પાડે છે - એટલે કે પી.પી.ઈ. પૂરાં પાડવાની.

### સંબંધિત પ્રકાશનો

Personal protective equipment at work: guidance on regulations, L25, (ISBN 0717604152 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)

- **A short guide to the Personal Protective Equipment at Work Regulations – મફત પત્રિકા**